# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, MONDAY, APRIL 20, 2020 | VOL.NO-5, ISSUE NO-6 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?




**રુચિતા એ બંને બચાવી બહાર કુદી ત્યાંજ બસમાં વિસ્ફોટ થયો**

પશ્ચિમ દિશામાં સૂરજદાદા કેસરી અજવાળુ પાથરી રહ્યાં હતા. આઠ વર્ષની રુચિતા સ્કુલે જવા માટે તૈયાર થઈને બેઠી હતી. એની નાની બહેન અને ભાઈ તૈયાર થઈ જ રહ્યાં હતા. **પેજ ૩**



**રમતોથી બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય છે**

બાળકના યોગ્ય, સુમેળમાં વિકાસ તેના ઝડપી સમાજીકરણમાં ફાળો આપે છે. જે બાળકો સરળતાથી સંપર્ક કરે છે, જેઓ તેમના વિચારો યોગ્ય રીતે વ્યક્ત કરી શકે છે, **પેજ ૬**



**કાકા કાલેલકરઃ અંગ્રેજી ભાષાની બ્રાહ્મણી સંસ્કૃતિ**

એકવાર એક અંગ્રેજી અફસરે ભારતીય વ્યક્તિને કહ્યું કે ‘The fact is that we are the Brahmins of India to –day.’ એટલે કે ભારત માટે આજે બ્રાહ્મણની જગ્યાએ અમે છીએ. **પેજ ૭**



**કૃષ્ણકુમારસિંહજીએ મદ્રાસના ગવર્નરના હોદ્દા પર માત્ર ૧ રૂપિયાનો પગાર લઇ સેવા આપી...**

ભાવનગર રાજ્યની સ્થાપના ઇ.સ. ૧૭૪૩માં વૈષાખ સુદ ૩ના રોજ વડવા ગામ નજીક મહારાજા ભાવસિંહજી ગોહીલે કરી હતી. જે હાલ ભાવનગર તરીકે ઓળખાય છે. **પેજ ૮**


**લોકડાઉન દરમિયાન લોકોએ ફરજ અને હક્ક બંને બાબતોને જોઈ, ફરજ અને હક વચ્ચે એક પાતળી ભેદરેખા છે, જેને આપણે સમજવી પડશે**

# આપણે આપણા હક્કને જતો નથી કરતા, પણ શું ફરજ પણ એ જ નિષ્ઠાથી નિભાવીએ છીએ?



## કુલગુરૂ

કમલેશભાઇ સવારથી મુંજવણમાં હતા. કારણ કે તેમના મમ્મીને બી.પી વધેલું હતું. આમ તો સામાન્ય દિવસોમાં પણ તેમને તકલીફ થઇ જતી હતી. પરંતુ લોકડાઉન અને કોરોના મહામારીને કારણે કમલેશભાઇ તેમની મમ્મીની હેલ્થને લઇને કોઇ સમાધાન કરવા તૈયાર ન હોતા. તેથી તેઓ સવારથી ડોક્ટર અને એમ્બ્યુલન્સને ફોન કરી રહ્યાં હતા. પરંતુ કોઇ તેમના બોલાવવા છતા આવતા ન હતા. જેના કારણે તેમણે સિસ્ટમ પર ખુબ જ ગુસ્સો આવતો હતો. તેઓ લોકો સાંભળે તે રીતે જોર જોરથી સિસ્ટમને ન કહેવાના શબ્દો કહેતા હતા. તેમની પત્ની સમજાવતા હતા છતા પણ તેઓનું બોલવાનું શરુ જ હતું. આ દરમિયાન સરકારી એમ્બ્યુલન્સ પણ આવી અને તેમાં ડોક્ટર પણ આવી પહોંચ્યા. કમલેશભાઇએ તેમના આવતાની સાથે જ પ્રશ્નોની હારમાળા કરી દીધી. તમે કેવા કેરલેસ છો, તમને તમારી ફરજનું કંઇ જ ભાન નથી, વગેરે વગેરે શબ્દો કહ્યાં. તેમના આકરા વેણને નજરઅંદાજ કરીને ડોક્ટરોએ ઘરમાં પ્રવેશ કર્યો. તેમણે દાદીમાને એક કેપ્સુલ આપી અને તેઓ નોર્મલ થઇ ગયા. ઘરના તમામ લોકોના શ્વાસ નીચા બેઠા. પરંતુ કમલેશભાઇ હજુ ગુસ્સામાં જ હતા. તેમના કડવા વેણથી ન રહેવાયું એટલે ડોક્ટરે કહ્યું કે સાહેબ, અત્યારે કોરોના મહામારીમાં મોટાભાગના ડોક્ટરોની ટીમને કોરોના હોસ્પિટલમાં ડ્યુટી આપી છે. તેના કારણે અહી પંહોચવામાં મોડું થયું. વૈશ્વિક મહામારીમાં લોકોને સંતોષકારક જવાબ આપવા એ પણ અઘરુ થઇ જાય છે. ડોક્ટરની ટીમ ત્યાંથી નિકળી જાય છે. એક દિવસ તેઓ ઘરની બહાર પાણી છાંટી રહ્યાં હતા અને પોતાની કાર પણ ધોઇ રહ્યાં હતા. કોઇએ કહ્યું કે પાણીની તંગી હોવાથી તેમણે અત્યારે રોડ પર પાણી ન છાંટવું જોઇએ અને કાર પણ ધોવી જોઇએ. માત્ર ભીના કપડાથી સાફ કરવી જોઇએ. પરંતુ કમલેશભાઇ માન્યા નહીં અને તેમણે પોતાનું કામ ચાલું રાખ્યું.

બાળમિત્રો આ એક કાલ્પનીક વાર્તા છે. પરંતુ તમે જ્યારે પોતાના હકની વાત કરો છો ત્યારે તમે પોતાની ફરજો પ્રત્યે પણ એટલા જ સભાન હોવા જોઇએ. માનીએ છીએ કે બંધારણે આપણને ઘણી બાબતોની સ્વતંત્રતા અને હક આપ્યા છે પરંતુ તેની સામે આપણે પાળવાની ફરજો પ્રત્યે પણ ધ્યાન દોર્યુ છે. આજે માણસને માત્ર પોતાના હક્ક વિશે જ માહિતી હોય છે. ગમે ત્યારે પોતાનો હક્ક લેવા માટે તે ઉભો થઇ જાય છે. પરંતુ ઘણી નૈતિક ફરજોમાંથી તે છટકી જાય છે.

દેશ કોઇ એક વ્યક્તિ કે સમુદાયનો નથી. દેશ એ દેશના કરોડો નાગરીકોથી બને છે. અને તેથી જ આપણે વસુધૈવ કુટુંબકમની ભાવનામાં માનીએ છીએ. જ્યાં એકતા હશે, સમાનતા હશે ત્યાં હક્ક અને ફરજો પણ સમાન રીતે નાગરીકો જાણતા હશે.

ભારતમાં પહેલીવાર લોકડાઉનનો સમય લોકોએ જોયો. જે રસ્તા પર દરરોજના હજારોની સંખ્યામાં વાહનો પસાર થતા હતા ત્યાં એક સાઇકલ પણ ન જોવા મળી. આ એક અકલ્પનીય ઘટના છે. ભુતકાળમાં આવી ઘટના ક્યારેય બની નથી અને ભવિષ્યમાં આવું ક્યારેય ન બને તેવી ઈશ્વર પાસે પ્રાર્થના. આ સમયે આપણે હક્ક કરતા ફરજો પ્રત્યે વધુ સભાન બનવું પડશે. તેના કરતા પણ આપણે આપણી નૈતિક ફરજો જોવી પડશે, જાણવી પડશે. જ્યારે આપણે સિસ્ટમ પર કે સરકાર પર સવાલ કરીએ છીએ ત્યારે આપણે આપણી કેટલી ફરજો નિભાવી તે બાબતો પ્રત્યે પણ જાગૃત રહેવું પડશે.

અત્યારની સ્થિતીમાં આપણે બીજાને કોઇ મદદ ન કરી શકીએ તો કંઇ નહીં પરંતુ તેમના માર્ગમાં પત્થર બનીને ન રહેવું જોઇએ. કારણ કે એ આપણી ફરજ છે. દેશના દરેક નિયમો સાથે આપણે એક સાથે ઉભા રહેવું જોઇએ. કોરોના મહામારી એ માત્ર એક મહિના કે બે મહિના પુરતી નથી રહેવાની પરંતુ જ્યાં સુધી તેની દવા કે વેક્સીન ન શોધાય ત્યાં સુધીની તે રહેશે. તેનાથી બચાવાનો માત્ર એક જ ઉપાય છે કે સરકાર કે સ્થાનિક તંત્ર દ્વારા જે પણ નિયમો જાહેર કરવામાં આવે તેનું સંપુર્ણ પાલન કરવામાં આવે. એ જ નાગરીક તરીકે આપણી ફરજ છે. અત્યાર સુધી આપણે બહું બધા હક ભોગવ્યા છે પરંતુ હવે એ હક્ક સામે ફરજ નિભાવવાનો સમય આવ્યો છે.



## સ્કૂલોએ પોતાની ફરજો સારી રીતે નિભાવી

**લોકડાઉનની સ્થિતીમાં બાળકોને ઘરમાં રાખવા દરેક પેરેન્ટ્સ માટે ચિંતાનો અને ચેલેંજનો વિષય હતો. કારણ કે ૨૪ કલાક બાળકોને ઘરમાં જ રાખવા અને સતત કોઇને કોઇને પ્રવૃત્તિમાં રાખવા તે ખરેખર અઘરુ હતું. આ સ્થિતીમાં સ્કૂલોએ ઓનલાઇન ક્લાસીસ શરુ કરીને વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમય રાખ્યા. બાળકોને ઘરમાં જ રહેવા માટે મજબુર કર્યા. જો એ ન થાત તો વાલીઓ માટે પણ બાળકોને ઘરમાં રાખવા અઘરુ થઇ જાત. સ્કૂલોએ સોશિયલ મિડીયાના માધ્યમથી અભ્યાસ કરાવવાનું શરુ કર્યુ. તેમાં શિક્ષકોનું પણ મોટુ યોગદાન રહ્યું, કારણ કે ક્લાસરૂમમાં અભ્યાસ કરાવવો અને ઓનલાઇન અભ્યાસ કરાવવો એ બાબતમાં અલગ છે. તેમ છતા પણ શિક્ષકોએ એ ચેલેંજ પણ સ્વીકારીને ઓનલાઇન ક્લાસીસનો ભાગ બનીને વિદ્યાર્થીઓને ભણાવતા થયા. અભ્યાસની સાથે સ્કૂલોએ બાળકોને ઘરે બેઠા જ ક્રિએટીવ એક્ટિવીટી કરવાની પણ પ્રેરણા આપી. આ માટે સ્કૂલોએ ખાસ ક્લાસનું પણ આયોજન કર્યુ. જેથી બાળકો અભ્યાસની સાથે ઇત્તર પ્રવૃત્તિ પણ કરે. ખાનગી સ્કૂલોની સાથે સરકારે પણ સરકારી સ્કૂલોના બાળકો માટે ખાસ આયોજન કર્યુ. જીસીઇઆરટીએ દરરોજ બાળકો માટે વાર્તા, બાળગીતો વગેરે તૈયાર કરીને મોકલવાની શરુઆત કરી. રાજ્યના છેવાડાના વિસ્તારમાં રહેતા બાળકો પણ ઓનલાઇન અભ્યાસ કરતા થયા.**

## નવરચના શાળાનો "અમે નાના ભૂલકાં" સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો





નવરચના ગુજરાતી બાલવાડી અને લિટલ બ્લોઝમ શાળાના ૨૦૦ બાળકો દ્વારા અમે નાના ભૂલકાં સાંસ્કૃતિક કાર્યક્રમ અને કુપોષણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન સરદાર નગરખંડ ગોધરા ખાતે કરવામાં આવ્યું હતું. શિક્ષણની સાથે બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા અને બાળકોમાં રહેલી કલાને ખુલ્લો મંચ આપવો નવરચના શાળાનો મુખ્ય ધ્યેય હતો.

## શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ-૮નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં અભ્યાસ કરતાં ધોરણ ૮નાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ પૂર્ણ થતાં ઉચ્ચ અભ્યાસ માટે માધ્યમિક શાળામાં જનાર છે જે અંતર્ગત વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સેક્ટર ૨૮ના બાલોદ્યાનની મુલાકાત લીધી હતી અને દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ આનંદથી વિવિધ રમતો રમ્યા હતા અને સમૂહ નાસ્તાની ઉજવણી કરી હતી.

## રાજ માધવ વિદ્યાવિહાર સ્કૂલમાં શિક્ષકો માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું



## એસ.જી. શાળામાં ગ્રુપ સોંગ તથા ઇન્ટરહાઉસ ક્રિકેટ અને બાસ્કેટ બોલ ની સ્પર્ધા યોજાઈ








કડી સર્વ વિદ્યાલય સંચાલિત એસ.જી., પ્રાથમિક શાળામાં ઇન્ટરહાઉસ ગ્રુપસોંગ તથા ઇન્ટરહાઉસ ક્રિકેટ અને બાસ્કેટ બોલની સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ વિવિધ સોંગનું ગ્રુપમાં ગાન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ગ્રુપમાં અલગ અલગ ગીતો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં બ્લ્યુ હાઉસનો પ્રથમ નંબર આવ્યો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## જૂનાગઢની સરસ્વતી સ્કૂલમાં માતૃપિતૃ વંદના કાર્યક્રમનું યોજાયો



જૂનાગઢમાં માંગનાથ રોડ પર ચાલતી સરસ્વતી સ્કૂલમાં પશ્ચિમી સંસ્કૃતિની અસર હેઠળ વિદ્યાર્થીઓ તથા યુવાનો સમાજને ન શોભે તેવી પ્રવૃત્તિ કરે છે ત્યારે શિક્ષણ સાથે સંસ્કાર આપતી સરસ્વતી સ્કૂલમાં આજે "માતૃપિતૃવંદના કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવ્યું હતું.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.


**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

# રુચિતા એ બંને બચાવી બહાર કુદી ત્યાંજ બસમાં વિસ્ફોટ થયો

પશ્ચિમ દિશામાં સૂરજદાદા કેસરી અજવાળુ પાથરી રહ્યાં હતા. આઠ વર્ષની રુચિતા સ્કુલે જવા માટે તૈયાર થઈને બેઠી હતી. એની નાની બહેન અને ભાઈ તૈયાર થઈ જ રહ્યાં હતા.

૨૪મી જુલાઈ, ૨૦૧૫નો દિવસ હતો. વહેલી સવારનો સમય. રુચિતા ઘરના વરંડામાં બેઠી બેઠી બસની રાહ જોઈ રહી હતી. બગીચામાં એક ખિસકોલી કુદાકુદ કરી રહી હતી. નીચે પડેલો બ્રેડનો ટૂકડો ઉઠાવવા માટે એ જમીન પર આવતી, પણ કંઈકનો કંઈક અવાજ થતાં એ બ્રેડ લીધા વિના જ ઉપર ભાગી જતી. આવુ કેટલીયે વાર થયું. નાનકડી ખિસકોલી બિચારી અકળાઈ ગઈ. રુચિતાને પણ ખિસકોલી પર દયા આવી. આથી તેણે જમીન પર પડેલો બ્રેડનો ટૂકડો લઈને ઝાડની ડાળી પાસે ભરાવી દીધો. તરત જ ખિસકોલી આવી અને એ ખાઈને જતી રહી. રુચિતા તાલીઓ પાડવા લાગી... હે... હે.... ! ખિસકોલીને ખાવાનું મળી ગયું.

એટલીવારમાં નાની બહેન અને ભાઈ પણ બહાર આવી ગયા. એ બંને રુચિતા કરતાં એક એક વર્ષ નાના હતા. રુચિતા ચોથા ધોરણમાં ભણતી હતી, નાની બહેન ત્રીજા ધોરણમાં અને ભાઈ પહેલાં ધોરણમાં. એટલે કે નાના ભાઈ બહેનોમાં આઠ વર્ષની રુચિતા સૌથી મોટી હતી. એટલાં માટે મમ્મી એને દાદીઅમ્મા કહીને લાડથી બોલાવતી હતી.

મમ્મીએ રુચિતાનું સ્કુલ બેગ એના હાથમાં આપતા કહ્યુ, ‘ઓય દાદીઅમ્મા, જેવી રીતે આ ખિસકોલીનું ધ્યાન રાખે છે એવી રીતે દીદી અને ભઈલાનું પણ રાખજે હોં કે!’

‘યેસ, મોમ! બધાનું ધ્યાન રાખીશ. તું ચિંતા ના કર!’

વાતો ચાલતી હતી ત્યાં જ સ્કુલબસનો હોર્ન વાગ્યો. ત્રણે ત્રણ બચ્ચાઓ દોડીને બહાર નીકળ્યા. નાનકડી રુચિતાએ પહેલાં નાના ભાઈને બસમાં ચડાવ્યો, પછી નાની બહેનને અને પછી પોતે ચડી. રુચિતા એવી રીતે એમને બસમાં ચડાવી રહી હતી જાણે એમની મમ્મી હોય. આ દૃશ્ય જોઈને એની મમ્મી રાજી રાજી થઈ ગઈ.

તેલંગણાની સડકો મસ્ત મજાની બસ દોડી રહી તી. રુચિતાની નાની બહેન બસમાં ચડતાં જ પહેલી સીટમાં બેસી ગઈ હતી, ભાઈ વચ્ચેની સીટમાં. રુચિતા બોલી, ‘ચાલો, તમે બંને મારી સાથે પાછળ આવી જાવ.’

‘ના, દીદી અમારે અહીં જ બેસવું છે.’

‘સારુ તો તમે લોકો જરાય તોફાન ના કરતા.’ દીદી અને ભાઈને સલાહ આપીને રુચિતા પોતાનું દફતર સરખું કરતાં છેલ્લી સીટ તરફ ચાલી. વચ્ચે જે જે બાળકો તોફાન કરી રહ્યાં હતા એ બધાને એણે ટપાર્યા, ‘એય, બચ્ચા લોગ તોફાન ના કરો. તોફાન કરવામાં વાગી જાય તો મમ્મી-પપ્પા અને આપણી બસના અંકલને સાંભળવું પડે. ચાલો બધા શાંતિથી બેસી જાવ. ચાલુ બસે ધમાલ - મસ્તી ના કરો.’ ખરેખર દાદીઅમ્મા હોય એમ રુચિતા બોલી રહી હતી. બસના કંડક્ટર સહિત બધા જ હસી રહ્યાં હતા, ‘દાદીઅમ્મા, હવે બેસી જાવ! તોફાન નહીં કરીએ.’

રુચિતાએ કંડક્ટર અને ડ્રાઈવરને પણ કહ્યુ, ‘અંકલ, વાતો કરતાં કરતાં વાહન ડ્રાઈવીંગ કરવું એ ખરાબ આદત છે. ચાલો તમે પણ બેસી જાવ. કામમાં ધ્યાન આપો.’

બચ્ચા પાર્ટી હસી પડી. કંડક્ટર અંકલે હાથ જોડ્યા, ‘સારુ હોં દાદીમાં, અમે અમારુ કામ કરીએ છીએ.’

રુચિતા છેક પાછલી સીટે જઈને બેઠી. બસ સ્કુલ તરફ દોડી રહી હતી. આગળ જતાં રસ્તામાં એક રેલ્વે ટ્રેક આવ્યો. બચ્ચા એમની મસ્તીમાં હતા. ડ્રાઈવર કંડક્ટર વાતોમાં પરોવાયેલા હતા. એ રેલ્વે ટ્રેકને ફાટક હતું નહીં. રેલ્વેની બેદરકારી તો હતી પણ સાથે સાથે આજે ડ્રાઈવર અને કંડક્ટરે પણ બેદરકારી દાખવી. ટ્રેક પર ટ્રેન આવી રહી છે કે નહીં એ જોયા વિના જ બસ આગળ લીધી. બરાબર રેલ્વે ટ્રેક પર બસનો આગળનો ભાગ આવ્યો. ત્યાંજ બસ અચાનક બંધ પડી ગઈ. વાતોમાં મગ્ન ડ્રાઈવર - કંડક્ટર અને મસ્તીમાં મસ્ત બાળકોને ત્યારે જ ખબર પડી કે પોતે બરાબરના ફસાઈ ગયા છે. એમના કાનમાં જમણી તરફથી આવી રહેલી ધસમસતી ટ્રેનનો અવાજ સંભળાયો. ટ્રેનની સીટી, ભાકછૂક.... ભાકછૂકનો અવાજ જાણે રાક્ષસ જેમ એમના તરફ ધસી રહ્યો હતો. બાળકોએ બસની બારીમાંથી જોયુ કે રેલગાડી જબ્બર સ્પીડમાં એમના તરફ આવી રહી છે. બધા બાળકોએ ચીસા ચીસ કરી મૂકી. ડ્રાઈવર અને કંડક્ટર પણ ગભરાઈ ગયા. એણે હાંફળા- ફાંફળા થઈને બસનો સેલ માર્યો. પણ બસ ચાલુ ના થઈ.



આઠ વર્ષની રુચિતા શિવમપેટની બહાદૂરીને ભારત સરકારે પણ વખાણી અને પ્રામાણિત કરી. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ના દિવસે રુચિતા શિવમપેટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બહાદૂરી માટે અપાતો રાષ્ટ્રીય પુરસ્કાર ‘ગીતા ચોપરા પુરસ્કાર’ એનાયત થયો. રાષ્ટ્રીય વિરતા પુસ્કાર મેળવનારા એ વર્ષના બાળકોમાં રુચિતા સૌથી નાની ઉંમરની હતી. એ પુરસ્કાર લેતી વખતે એણે નાની ઉંમરમાં પણ મોટી વાત કરી, ‘વડાપ્રધાન શ્રીના હાથે આ પુસ્કાર મેળવતા મને ખૂબ જ આનંદ થાય છે. પણ જો હું મારી બહેનને બચાવી શકી હોત તો એનો આનંદ કંઈક નોંખો જ હોત. આ પુરસ્કાર હું મારી નાની બહેનને અર્પણ કરું છું.’

બાળકો રડવા લાગ્યા. રુચિતા છેક છેલ્લી સીટમાં બેઠી હતી. એ ઉભી થઈ ગઈ. એક ઘડી ઉભા રહી એણે બધો જ તાગ મેળવ લીધો. બસ ચાલુ થતી નહોતી, બસનો આગળનો ભાગ રેલ્વે ટ્રેક પર હતો. થોડી જ વારમાં ટ્રેન ધડાકાભેર બસ સાથે અથડાવાની હતી અને બધું જ ખતમ થઈ જવાનું હતું. એણે તરત જ નાના ભાઈ બહેનને બૂમ મારી, ‘નીકીતા.... ઓ નીકિતા જલ્દી મારી પાસે આવી જા. અકસ્માત થવાનો છે. રાજા, પ્લીઝ કમ ઓન.... બસની બહાર નીકળ. ત્યાં બેસીને રડ્યા ન કર.’

આ બધું એકાદ બે મિનીટમાં જ બની ગયું. રુચિતાની બહેન અને ભાઈ એમની સીટ પર બેસીને રડતાં જ રહ્યાં. રુચિતા એમને લેવા માટે આગળની તરફ ધસી પણ ત્યાં સુધી તો ટ્રેન સાવ નજીક આવી ગઈ હતી. રુચિતાએ નાના ભાઈનો હાથ પકડીને એને પાછળની તરફ ખેંચી લીધો. પણ નાની બહેનને ખેંચી ના શકી. એ એના સુધી પહોંચે એ પહેલાં જ ટ્રેન એક ધડાકાભેર એમની બસ સાથે અથડાઈ.

બસનો આગળનો ભાગ કુચ્ચો વળી ગયો. આખી બસ ઘુમી ગઈ. આગળ બેઠેલા બધા જ બાળકોની ચિચિયારીઓ શાંત થઈ ગઈ અને પાછળ બેઠેલા બધા જ બાળકો વધારે જોરથી ચીખી ઉઠ્યા. બધા જ ઘાયલ થયા હતા. જાણે કોઈ ફિલ્મનું દૃશ્ય ભજવાઈ રહ્યું હોય એમ હકિકતમાં થયું હતું. બસના આગળના ભાગ સાથે ટ્રેન અથડાઈ એટલે બસ ડાબી તરફ વળી ગઈ. હવે થોડી જ વારમાં બસનો પાછળનો ભાગ પણ કુચ્ચો થઈ જવાનો હતો.

બાળકો ખૂબ જ હોંશિયાર હતા. ઘાયલ હાલતમાં પણ બધા જ પાછલા દરવાજેથી ટપોટપ નીચે ઉતરવા લાગ્યા. આગની લપેટો અને કાટમાળમાં દોડતાં રોડ તરફ ભાગ્યા. રુચિતાનો ભાઈ ભયંકર રીતે ઘાયલ થયો હતો તો પણ એ ઉતરી ગયો.

રુચિતા બસની નીચે ઉતરી. આગની જવાળાઓએ એના કપડાંને ખાસ્સા એવા બાળી નાંખ્યા હતા. જોરથી અથડાવાને કારણે એનું માથુ ફૂટી ગયુ હતું, લોહી નીકળી રહ્યુ હતું. રુચિતા બસના પગથિયા ઉતરી રહી હતી ત્યાંજ એને ખ્યાલ આવ્યો કે બે બાળકો હજુ બસમાં હતા. ટ્રેન બસની આરપાર ચાલી ગઈ હતી અને હજુ બાકીના ડબ્બા એને દૂર સુધી ઢસડી રહ્યાં હતા. હવે થોડી જ વારમાં બસનો બચી ગયેલો પાછળનો હિસ્સો પણ જોરથી પટકાવાનો હતો.

રુચિતા બચી ગઈ હતી. છેક છેલ્લા પગથિયે આવી ગઈ હતી પણ પેલા બે બાળકોને જોઈને એ થંભી ગઈ. એ બંને બાળકો ખૂબ ગભરાઈ ગયા હતા. જોર જોરથી રડતાં બસની સીટ સાથે ચીટકી રહ્યાં હતા. સંતાઈ ગયા હતા. આઠ વર્ષની ખિસકોલી જેવી રુચિતાએ તરત જ એ બંનેને બચાવવાનું નક્કી કર્યુ. એ પોતાની જાનની ફિકર કર્યા વિના બસમાં પાછી ચડી ગઈ. પેલા બંને બાળકો પાસે જઈને ઉભી રહી અને બોલી, ‘ચિંતા ના કરશો. હું આવી ગઈ છું.’


બાળકો તેમ છતાં રડતાં રહ્યા. રુચિતા બોલી, ‘તમે જરાય ના ડરશો. જલ્દીથી મારો હાથ પકડી લો. હવે થોડી જ વારમાં આ ડબ્બો પણ સળગી જશે. ચાલો જલ્દી.’

બાળકો ખૂબ ગભરાયેલા હતા. એ રડતાં જ રહ્યાં. આખરે રુચિતાએ નીડરતાથી બંનેને ઉંચા કર્યા અને હેમખેમ બસની બહાર ઉતારીને રસ્તા તરફ દોડી. રુચિતા એમને બચાવીને દૂર ગઈ એટલી જ વારમાં બસની પાછળનો હિસ્સો પણ ધડામ અવાજ સાથે પછડાયો અને જાણે બોમ્બ ફૂટ્યો એવો વિસ્ફોટ થયો. આગ લાગી ગઈ.

ચારે તરફ હાહાકાર થઈ ગયો હતો. સ્કુલબસ કુચ્ચો થઈ ગઈ હતી. રાહદારીઓએ રુચિતાની હિંમત જોઈ હતી. એમણે તાલીઓથી રુચિતાને વધાવી લીધી. તાત્કાલિક પોલીસ અને એમ્બ્યુલેન્સવાન આવી ગઈ. ઘાયલ રુચિતા અને અન્ય બાળકોને હોસ્પીટલ લઈ જવામાં આવ્યા અને મૃત્યુ પામેલા બાળકોને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યા. આ બસમા ડ્રાઈવર અને કંડક્ટર ઉપરાંત કુલ ૧૬ બાળકોનો ભોગ લેવાયો હતો. મૃત્યુ પામેલા બાળકોમાં રુચિતાની બહેન નિકિતા પણ હતી.

ચાર બાળકો બચી ગયા હતા. રુચિતા એનો નાનો ભાઈ રાજા અને બીજા બે બાળકો. આ બાળકો માત્ર અને માત્ર રુચિતાની હિંમત અને નીડરતાને કારણે જ બચી શક્યા હતા. રુચિતાના મમ્મી પપ્પાએ જ નહીં પણ આખા જિલ્લાએ રુચિતાની આ બહાદૂરીને બિરદાવી. આવી કપરી સ્થિતીમાં, આટલી નાની ઉંમરમાં એ પોતે પણ બચી, નાના ભાઈને પણ બચાવ્યો અને ઉપરાંત બીજા બે બાળકોને તો જાનની બાજી લગાવીને બચાવ્યા હતા. એની મમ્મી એના માથે હાથ ફેરવતા ફેરવતા રડતાં રડતાં બોલી, ‘મારી દાદી અમ્મા! ખરા અર્થમાં દાદીઅમ્મા સાબિત થઈ. આઈ એમ પ્રાઉડ ઓફ યુ બેટા! મને તારા પર ગર્વ છે.’ પણ રુચિતાને એક જ અફસોસ હતો કે એ નાની બહેન નિકિતાને ના બચાવી શકી.

## ટપકાં જોડી કલર પૂરો



## ઉખાણાં

**પોલું લાકડું પલક્યું,**
**ને આખુ ગામ જોવા હલક્યું**

○ ઢોલ ○ બોલ ○ ગોલ ○ મોલ

**એક જળકૂકડી એવી,**
**જે ડબક ડૂબકી મારે,**
**પચાસ માઈલ પાણીમાં ચાલી,**
**તોપના ગોળા ખાળે**

○ માછલી ○ સબમરીન ○ હોડી ○ સ્ટીમર

**છાપરે છાપરે મગ વેચાય:**
**ગોળ જોઈને ચોંટી જાય**

○ કીડી ○ મંકોડો ○ મચ્છર ○ માખી

**દેશ ફરે, દેશાવર ફરે,**
**રાજારાણી વાતો કરે**

○ કાગળ ○ વિમાન ○ પાંદડું ○ ફૂલ


**ઝડપવાળો જમાદાર,**
**સવારી માહે પૂરો,**
**રથ-ગાડીમાં ઉપયોગી,**
**લડાઈ માંહે શૂરો**

○ ગધેડું ○ ઘોડો ○ ઊંટ ○ જિરાફ

**ઉપરથી ખાઓ અને નીચેથી ફેકી દો**

○ કેળું ○ ખજૂર ○ દાડમ ○ ટામેટું

**જવાબ:** ઢોલ, સબમરીન, કીડી, કાગળ, ઘોડો,
કેળું




## સરવાળા કરો અને આપેલા કલર જવાબના ખાનામાં પૂરો

| | |
|---|---|
| red | 6 |
| dark blue | 8,9,11 |
| gray | 10,12,15 |
| dark green | 7,13,18 |
| purple | 4,5 |
| brown | 3,14 |

## હસો અને હસાવો

**પોલીસ?**

રાતના બાર વાગ્યે એકલા જતા માણસને પોલીસે પકડીને કહ્યું ‘ચાલ પોલીસ સ્ટેશન’

**માણસ:** “પણ મે શું કર્યુ છે?”

**પોલીસ:** “કશું નહીં પણ મને એકલા જતા બીક લાગે છે.”

**ડૉક્ટર:** ‘હવે ખાંસી કેમ છે?’

**દર્દી:** ‘એ તો બંધ થઈ ગઈ, પરંતુ શ્વાસ હજી રોકાઈ રોકાઈને આવે છે.’

**ડૉક્ટર:** ‘ચિંતા ન કરો એ પણ બંધ થઈ જશે!’

**ટીચર**

“જેને બંને હાથ ન હોય તેને હિન્દી અને અંગ્રેજીમાં શું કહેવાય?”

**મોન્ટુ:** “હિન્દીમાં ઠાકુર અને અંગ્રેજીમાં હેન્ડ્સ ફ્રી”

## બાળ વાર્તા

# વિશ્વાસુ વ્યક્તિ પર અવિશ્વાસ કરતા પહેલાં

એક સમયની વાત છે.

એક રાજ્યનો એક રાજા હતો. તેની પાસે એક સુંદર પોપટ હતો. તે પોપટ ખૂબજ ચતુર અને બુદ્ધિમાન હતો. આ કારણથી જ રાજા ઘણો ખુશ રહેતો હતો. એક દિવસ પોપટે રાજાને વિનંતી કરી કે તેને તેનાં માતાપિતાને મળવા જવું છે. રાજાએ પોપટની વાત માની લીધી અને તેને કહ્યુ કે સારૂ, પરંતુ તારે પાંચ દિવસની અંદર પાછું ફરવું પડશે. તે પોપટ તો ખુશી-ખુશી જંગલ તરફ ઉડી ગયો અને પોતાનાં માતાપિતાને મળીને ઘણો જ ખુશ થયો. હવે પાંચ દિવસ વિતી ચૂક્યાં હતાં. હવે તેણે રાજા પાસે પરત ફરવાનું હતું. રસ્તામાં પાછા ફરતી વખતે તેણે વિચાર્યું કે ચાલને, રાજા માટે કોઈક સુંદર ઉપહાર લઈ લઉં.

પોપટને રસ્તામાં અમૃતનાં ફળોનું એક ઝાડ દેખાયું. તેણે વિચાર્યું કે રાજા માટે આ વૃક્ષથી અમૃતનું ફળ તોડી લઉં છું. આ ફળ ખાવાથી રાજા હંમેશા જુવાન રહેશે અને તેઓ ક્યારેય નહીં મરે. આ ઝાડ એક ઉંચા પર્વત પર હતું. પોપટ પર્વત પર પહોંચ્યો અને ફળ તોડી લીધું. પરંતુ આટલુ ઉંચું ઉડતા ઉડતા તે થાકી ચૂક્યો હતો. તેણે વિચાર્યું કે રાતે આ ઝાડ નીચે જ આરામ કરી લઉં અને સવાર થતાં જ ઉડીને રાજા પાસે પહોંચી જઈશ.


જ્યારે પોપટ રાત્રે સૂઈ રહ્યો હતો ત્યારે એક ઝેરી સાપે ફળ ખાવાનું શરૂ કરી દીધું. આ કારણે તે ફળ ઝેરી થઈ ગયું. પોપટ આગલા દિવસે મહેલ પહોંચ્યો. અને રાજાને ફળ ખાવા આપ્યું. ત્યારે જ પ્રધાને કહ્યું. ‘મહારાજ, આ ફળ કૂતરાને પહેલા ખવડાવો.’ રાજાએ ફળનો એક ટુકડો કૂતરાને ખવડાવ્યો. કૂતરાએ જેવું ફળ ખાધું તે તરફડી તરફડીને મરી ગયો. રાજાને ઘણો ક્રોધ આવ્યો. તેણે તલવાર સહિત પોપટનું માથું ધડથી અલગ કરી નાખ્યું. રાજાએ તે ફળ બહાર ફેંકી દીધું. કેટલાક સમય પછી તે જગ્યાએ એક વૃક્ષ ઉગી ગયું.

રાજાએ સમગ્ર રાજ્યમાં ઢંઢેરો (પહેલાં ઢોલ વગાડીને રાજાની જાહેરાત લોકો સુધી પહોંચાડતા જેને ઢંઢેરો કહેવામાં આવે છે.) પીટાવ્યો કે કોઈ પણ વ્યક્તિ આ ઝાડનું ફળ ન ખાય કારણકે રાજાને લાગતું હતુ કે આ અમૃત ફળ ઝેરી છે અને પોપટે તેને તે ખવડાવીને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. એક દિવસ એક વૃદ્ધ માણસ તે ઝાડ નીચે વિશ્રામ કરી રહ્યો હતો. તેને આ ઝાડની વાત ખબર નહોતી અને તેણે ભૂખના કારણે એક ફળ ખાઈ લીધું. આ ઝાડ પર ઉગેલુ ફળ ઝેરી નહીં, પરંતુ અમૃત ફળ હતું. તેથી ફળ ખાતાં જ તે વૃદ્ધ જવાન થઈ ગયો. જ્યારે આ વાત રાજાને કાને પડી ત્યારે તેને ઘણો જ પસ્તાવો થયો કે તેણે એક નિર્દોષને સજા આપી દીધી. આ વાર્તામાંથી આપણને એ બોધ મળે છે કે આપણા વિશ્વાસુ વ્યક્તિ પર અવિશ્વાસ પહેલાં સો વાર તપાસી લેવું જોઈએ કે તેની ભૂલ છે કે નહીં. કોઈની ઉશ્કેરણીમા આવીને તમે તમારો વિશ્વાસુ વ્યક્તિ ગુમાવી શકો છો.


## એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો




## રસ્તો શોધવામાં મદદ કરો




## ટપકાં જોડો અને રંગ પૂરો



## ચાલો, હરણ દોરતા શીખીએ




## યોગ્ય ગણતરી કરો




## ચિત્રો ગણી અને યોગ્ય જવાબ પર ગોળ કરો



# રમતોથી બાળકોની કલ્પના શક્તિનો વિકાસ થાય છે

બાળકના યોગ્ય, સુમેળમાં વિકાસ તેના ઝડપી સમાજીકરણમાં ફાળો આપે છે. જે બાળકો સરળતાથી સંપર્ક કરે છે, જેઓ તેમના વિચારો યોગ્ય રીતે વ્યક્ત કરી શકે છે, તેઓ શાળામાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. પ્રારંભિક તબક્કામાં મહત્વપૂર્ણ છે કલ્પનાના વિકાસ પર રમતો, જે વિચાર અને વાણીને ઉત્તેજીત કરે છે.



## કલ્પના શું છે - વ્યાખ્યા

કલ્પનાને માનસિક પ્રવૃત્તિનું સ્વરૂપ કહેવામાં આવે છે, જેમાં માનસિક પરિસ્થિતિઓ અને વિભાવનાઓની રચનાનો સમાવેશ થાય છે જે ખરેખર માનવામાં આવતી નથી. આ પ્રકારની પ્રવૃત્તિ બાળકમાં હાજર સંવેદનાત્મક અનુભવ પર આધારિત છે. કલ્પના ૩ થી ૧૦ વર્ષોમાં સક્રિય રીતે વિકાસશીલ છે. આ પ્રવૃત્તિ નિષ્ક્રિય સ્વરૂપે પસાર થઈ જાય પછી. હાલના વર્ગીકરણ મુજબ, કલ્પના થાય છેઃ

- સક્રિય
- ઉત્પાદક
- નિષ્ક્રિય
- પ્રજનન

કલ્પના દ્વારા બનાવેલ છબીઓ મેમરીમાં અને વાસ્તવિક ધારણાઓની છબીઓ પર આધારિત છે. કલ્પના વિના, સર્જનાત્મક પ્રવૃત્તિ અશક્ય છે અસાધારણ શોધ, શોધો, બધા પ્રતિભાશાળી અને કુશળ લોકો અત્યંત કલ્પનાશીલ હતા. બાળકની પ્રવૃત્તિની મોટાભાગની કલ્પનાના સતત કાર્ય સાથે જોવા મળે છે. તે વ્યક્તિત્વ રચના, બાળકોનો સફળ અભ્યાસનો આધાર છે.

## બાળકની કલ્પના કેવી રીતે વિકસાવવી?

રમતિયાળ સ્વરૂપમાં બાળકની કલ્પના વિકસિત કરો. તે જ સમયે, તે ધ્યાનમાં રાખવું જોઈએ કે કલ્પના અને વિચારો સીધી સંકળાયેલા છે, તેથી તેમને સમાંતરમાં વિકસિત કરવાની જરૂર છે. આ કરવા માટે, તમારે બાળકોને વધુ વખત પુસ્તકો વાંચવા, વાર્તાઓ જણાવવા, અને તમારા આસપાસની દુનિયામાં બાળકને રજૂ કરવાની જરૂર છે. જ્યારે બાળક બાળકની વાતચીત શરૂ કરે છે ત્યારે તમે કલ્પનાને વિકસિત કરવાની પ્રક્રિયા શરૂ કરી શકો છો. ૩ વર્ષની ઉંમરે, ઘણા બાળકો પહેલેથી સક્રિયપણે કલ્પનાશીલ હોય છે. આ ઉંમર બાળકની કલ્પનાના વિકાસ માટે આદર્શ ગણવામાં આવે છે.

## કલ્પનાના વિકાસમાં નાટકની ભૂમિકા

તે ધ્યાનમાં રાખવું જોઈએ કે બાળકની કલ્પના એક પ્રકારની માનસિક પ્રવૃત્તિ છે, અને બાળકો દ્વારા કરવામાં આવતી તમામ ક્રિયાઓ સતત રમત સાથે સંકળાયેલા છે. આસપાસના જગતના જ્ઞાનમાં નાના જીવની જરૂરિયાત સંતોષવા બાળક સાથે ક્રિયાપ્રતિક્રિયા આ સ્વરૂપ સંપૂર્ણપણે સંતોષે છે. જ્યારે બાળક વાસ્તવમાં અસ્તિત્વમાં રહેલા ઑબ્જેક્ટ્સ માટે અવેજીનો ઉપયોગ કરે છે ત્યારે સૌ પ્રથમ વખત બાળકની કલ્પના પોતે પ્રગટ થાય છે, સામાજિક ભૂમિકાઓ ધારે છે.

કલ્પના ઝડપી વિકાસ માટે ગેમ્સ બાળકના ધ્યાન ૧૦૦% નો ઉપયોગ કરે છે. બાળક રમતી વખતે માહિતીને સમજવા માટે સરળ છે, ઝડપથી યાદ કરે છે પરિણામે, ભવિષ્યમાં, તે અગાઉ સ્વતંત્ર રીતે શું જોયું તે ફરી પ્રસ્તુત કરવું મુશ્કેલ બનશે નહી. પ્રિ-સ્કુલ બાળકોમાં સારી રીતે વિકસિત કલ્પના સાથે, અવેજી વિષયો ધીમે ધીમે પૃષ્ઠભૂમિ પર જાય છે, અને તેઓ આનંદ માટે રમવાનું શરૂ કરે છે. આ તબક્કે, પુનઃરચનાના ફોર્મમાંથી સર્જનાત્મકને એક કલ્પનાનું સંક્રમણ છે.

## Preschoolers માં કલ્પના વિકાસ માટે રમતો

પૂર્વશાળાના બાળકોની કલ્પનાના વિકાસ માટેની રમતોમાં ભૂમિકા અભિગમ છે. ૪-૫ વર્ષનાં બાળકોને પોતાને અન્ય વ્યક્તિની ભૂમિકામાં રજૂ કરવાનું ગમે છે, જુદા જુદા વ્યવસાયો પર "પ્રયાસ કરો", કલ્પના કરો કે તેઓ ભવિષ્યમાં શું બનવું છે. પાઠ ૨૦-૩૦ મિનિટથી વધુ ન હોવી જોઈએ, જેથી આ પ્રકારની રમતોમાં રસ નહવો. Preschoolers ની કલ્પના વિકાસ એક ઉત્તમ મદદનીશ સરળ ગેમ હોઈ શકે છે "તમે કે કલ્પના ...".

આવા વર્ગો વિકાસ અને અભિનયને સમાંતર ફાળો આપે છે. બાળકને, પોપ એક શબ્દની વિચાર કરે છે, એક પદાર્થ જે તેને ચિત્રિત કરવી જ જોઇએ. મામાનું કાર્ય જમણી જવાબ ધારી કરવાનો છે જવાબને ઉતાવળ કરશો નહી, એવી દલીલ કરો કે તે ઉકેલવા માટે અશક્ય છે. જવાબ પછી, તેઓ બાળકની પ્રશંસા કરે છે અને ભૂમિકાઓ બદલતા હોય છે. ધીમે ધીમે, પ્રિ-સ્કુલ બાળકોમાં સર્જનાત્મક કલ્પનાના વિકાસ માટે રમતો બધા ઘરનાં સભ્યોને આકર્ષિત કરી શકે છે. અનુમાનિત શબ્દ નીચે બતાવે છે.

## નાના વિદ્યાર્થીઓ કલ્પના વિકાસ માટે રમતો

શાળામાં પહેલેથી જ અભ્યાસ કરતા બાળકમાં કલ્પના અને કલ્પના કેવી રીતે વિકસાવવી તે વિશે વાત કરતા શિક્ષકો, આ પ્રક્રિયામાં માતાપિતાઓની મહત્વની ભૂમિકા નોંધે છે. ૭-૮ વર્ષની ઉંમર સુધીમાં, બાળકોને પૂરતી સંખ્યામાં જ્ઞાન, કુશળતા પ્રાપ્ત થાય છે, જેની સાથે તેઓ કુશળ રીતે કામ કરે છે. બાળક પાસે પહેલાથી જ અનેક છબીઓ છે, તેથી પુખ્ત લોકોનું કાર્ય તેમને યોગ્ય મિશ્રણ શીખવા માટે છે. આ કિસ્સામાં, બાળકોને વાસ્તવમાં કેવી રીતે થાય છે તે સમજવું જોઈએ અને કેવી રીતે - ના. સમાન કાર્યોનો સામનો કરવા માટે રમત "મિરેકલ ફોરેસ્ટ" ને મદદ કરે છે.

અગાઉથી તૈયાર કરાયેલ કાગળ પર, ઘણા વૃક્ષો દર્શાવવામાં આવ્યા છે, જે મોટી સંખ્યામાં બિંદુઓ, રેખાઓ અને આકારો દ્વારા ઘેરાયેલા છે. બાળકને તે પહેલાં જંગલમાં ફેરવવા માટે કાર્ય કરે છે. ચિત્ર સમાપ્ત થયા પછી, તમે તેના પર કામ ચાલુ રાખી શકો છો - બાળકને જે ચિત્રમાં દર્શાવવામાં આવ્યું છે તે જણાવવા કહો, ટૂંકી વાર્તા બનાવો તે કાં તો વાસ્તવિક અથવા બનાવટી હોઇ શકે છે (અગાઉથી નક્કી કરવામાં આવ્યું છે).

## શાળા બાળકો કલ્પના વિકાસ માટે રમતો

સ્કૂલ વયના બાળકની કલ્પના વિકસિત કરતા ૫ હેલાં, માતાપિતાએ તેમના શોખને સ્પષ્ટપણે જાણવું જોઇએ. તેનાથી તેમની સાથે સંપર્ક સ્થાપિત કરવા માટે, આવા રમતોમાં તેમને રસ દર્શાવવામાં મદદ મળશે. ૩-૫ વર્ગોનાં બાળકો સાથે વર્ગો માટે તમે કલ્પના વિકસાવવા માટે નીચેના રમતોનો ઉપ યોગ કરી શકો છોઃ

૧. "અવિનાશી પ્રાણીઓ." જો ત્યાં એક માછલી જોયું હોય તો, કુહાડી માછલીનું અસ્તિત્વ પણ શક્ય છે. બાળકને કલ્પના અને વર્ણન કરવાની તક આપવામાં આવે છે કે આ પ્રાણી કેવી રીતે જોશે, તેના પર શું ફીડ થાય છે.

૨. "એક વાર્તા બનાવો." બાળક સાથે પુસ્તકમાં ઘણાં ચિત્રોને ધ્યાનમાં લો અને તેમને તેમની રસપ્રદ વાર્તા, નવી ઘટનાઓની રચના કરવા માટે કહો. આમાં માતાપિતાએ સક્રિય ભાગ લેવો જોઈએ.

૩. "ચિત્ર ચાલુ રાખો." માતાપિતા એક સરળ આકૃતિ દર્શાવે છે, એક આકૃતિ જે એક જટીલ ચિત્રના ભાગોમાંથી એકમાં ફેરવવી જોઈએ. વર્તુળમાંથી તેઓ એક ચહેરો, એક બોલ, એક કારનું ચક્ર દર્શાવે છે. વિકલ્પો બદલામાં ઓફર કરવામાં આવે છે.

## બાળકો માટે કલ્પના વિકાસ માટે ગેમ્સ

બાળકની કલ્પનાના વિકાસની લાંબી પ્રક્રિયા છે, જેમાં પ્રવૃત્તિઓમાં વારંવાર ફેરફારનો સમાવેશ થાય છે. જો બાળક ખૂબ લાંબા સમય સુધી રહ્યા છે, પુસ્તક જોઈ, ચિત્ર, તમે કંઈક મોબાઇલ સાથે તેમની સાથે રમવા માટે ઓફર કરવાની જરૂર છે. આ તણાવ રાહત કરશે, અને ભૌતિક લોડ યાદ રાખવાની સુવિધા આપશે. વિરામ ૫ છી, તમે તમારી અભ્યાસ ચાલુ રાખી શકો છો.

## કોષ્ટક રમતો કલ્પના વિકાસ માટે

કલ્પના પર બોર્ડ રમતો વ્યાપક રીતે ટ્રેડિંગ નેટવર્કમાં રજૂ થાય છે. પરંતુ કંઈક ખરીદવું જરૂરી નથી. કામચલાઉ સાધનનો ઉપયોગ કરીને તમે તમારી જાતને રમત વિશે વિચારી શકો છોઃ

૧. બાંધકામ બાળકો માટે બિલ્ડ પ્રેમ જેમ સામગ્રી કોઈ ડિઝાઇનર, રેતી, ઝાડની ઝાડીમાં દાખલ કરી શકે છે.

૨. મોડેલિંગ. બાળકો સાથે મળીને માતાપિતા તેમના પોતાના સ્કેચમાં ટાઇપરાઇટર પર કાગળમાંથી ગુંદર કરી શકે છે, એક ઢીંગલી માટે પેપર ડ્રેસ બનાવો.

## કલ્પના વિકસાવવા માટે રમતો ખસેડવું

બાળકની કલ્પનાના વિકાસમાં લોક રમતો મહાન મહત્વ છે. પરિચિત બધા "દરિયાની ચિંતાઓ ..." પેઢીથી પેઢી પર પસાર થાય છે અને તેની લોકપ્રિયતા ગુમાવી નથી અન્ય આઉટડોર રમતોમાંઃ

૧. "તમારું નામ સાંભળો." બાળકો એકબીજાને તેમની પીઠ સાથે એક વર્તુળમાં બન્યા છે, નેતાએ બોલને ફેંકી દીધો, પ્રતિભાગીના નામનું નામકરણ કર્યું. બાળકને ફરતે જ વળવું અને બોલને પકડવો.


૨. "કાંગારૂ." ખેલાડીઓ તેમના પગ વચ્ચેના દડાને દબાવી દે છે સંકેત પર તેઓ સમાપ્ત કરવા માટે કૂદવાનું શરૂ કરે છે, જે ૨૦-૩૦ મીટરના અંતરે હોય છે. જો બોલ પડે, તો તે ઉઠાવી લેવામાં આવે છે અને ખસેડવાની ચાલુ રહે છે.

# કાકા કાલેલકરઃ અંગ્રેજી ભાષાની બ્રાહ્મણી સંસ્કૃતિ

એકવાર એક અંગ્રેજી અફસરે ભારતીય વ્યક્તિને કહ્યું કે ‘ The fact is that we are the Brahmins of India to –day.’ એટલે કે ભારત માટે આજે બ્રાહ્મણની જગ્યાએ અમે છીએ. ભારતના લોકોએ આ વાક્ય જરા અંતર્મુખ થઈને ગભીરતાથી વિચાર કરવાની ખાસ જરૂર છે. પરદેશી લોકો પણ ભારતીય સંસ્કૃતિને બ્રાહ્મણી સંસ્કૃતિ કહે છે.આપણા ધર્મને પરદેશી લોકો Brahminism પણ કહે છે. આ વાત ભારતીય તરીકે આપણે સૌને વિચારતાં કરી દે છે. બ્રાહ્મણ વર્ગ એટલે ધર્મજીવનનું નેતૃત્વ કરનાર અને સમાજની વ્યવસ્થા સ્થાપી આપનાર, પુરોહિતનું કામ કરનાર, શાસ્ત્રો બનાવતાં અને સમજાવતા, સામાન્ય જનતા બ્રાહ્મણોની જ આણ સ્વીકારતી. બ્રાહ્મણો જેમ કહે તે રીતે એમની સલાહ પ્રમાણે કામ કરતાં. આનો અર્થ એ થયો કે બુદ્ધિ ચલાવવી, બુદ્ધિ કેળવવી, સમાજહિતનું ચિંતન કરવું અને એ લોકોને દોરવા એ કામ એ કામ મુઠ્ઠીભર વિચારક, બ્રાહ્મણવર્ગનું જ હતું. બાકીનો સમાજ અભણ, રૂઢિચુસ્ત, કહ્યાગરો હોય તો ચાલે. એ સ્થિતિને લીધે જ પરદેશી લોકો ભારતની સંસ્કૃતિને બ્રાહ્મણસંસ્કૃતિ કહેતા હતા.

જ્યારથી અંગ્રેજો આ દેશમાં આવ્યાં ત્યારથી વિચાર કરવાનું કામ, પરિસ્થિતિ સુધારવાનું, સમજાવવાનું કામ, સમાજના દોષો દૂર કરવાના, સમસ્યા નિવારણ માટે ઉપાયો સૂઝાડવાનું કામ મોટેભાગે અંગ્રેજો જ કરતાં હતા. આપણામાંથી કેટલાંક લોકો શિષ્યભાવે અંગ્રેજોની વાત સ્વીકારી લેતાં હતા. કેટલાંક લોકો અંગ્રેજોની ટીકાટિપ્પણીથી અકળાઈને અંગ્રેજોનો વિરોધ કરતા. એમાં દાખલા – દલિલો અને માહિતીની વિગતો અંગ્રેજી પાસેથી જ મેળવેલી હોય. અંગ્રેજીની વાતનો વિરોધ કરે ખરા પણ અંગ્રેજોનું વૈચારિક મહત્ત્વ એમને કબૂલ કરવું જ પડતું. આજે પણ આપણાં ભાષણો, લખાણો અને નેતૃત્વ પાછળ અંગ્રેજો પાસેથી મેળવેલી વિદ્યાઓની તાકાત દેખાય છે. એ તપાસવા બેસીશું તો આપણને આશ્ચર્ય થશે. જે આપણા મોઢા પર દેખાયા વિના રહે નહિ. અંગ્રેજ ભાઈએ જે વિચારપૂર્વક અને અભિમાનપૂર્વક કહેલી વાતનો ભાવ આપણે સમજી જવો જોઈએ. દેશમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણીની ઢબ, એના વિચારો, વિષયો,વારસો બધુ જ અંગ્રેજી. ઉચ્ચ કેળવણીમાં હવે આપણે સ્વદેશાભિમાન અને આપણી સંસ્કૃતિનું અભિમાન ઉમેર્યું છે ખરું. પણ એમાં સંશોધન અને પૃથ્થકરણ હજી પણ અંગ્રેજોનું છે. વિજ્ઞાન, ઈતિહાસ, સાહિત્યચર્ચા, તત્ત્વજ્ઞાન, અને જાતજાતની સમાજવિદ્યાઓ છે જે બધું જ અંગ્રેજોનું છે. જેના પુરુષાર્થ પાછળ ચાલે છે. હવે તો અંગ્રેજોએ દેશનું નેતૃત્વ છોડી દીધું છે. અંગ્રેજી જાણકાર દેશી લોકોનાં હાથમાં પહોંચી ગયેલું છે. એમને વિચારવાનું, લખવાનું, રાજ્ય ચલાવવાનું અંગ્રેજીમાં જ ફાવે છે.

સ્વરાજ મેળવ્યા પછી જે કાંઈ જનતાને આપણે વિશેષ આપવા માંગીએ છીએ તે મોટેભાગે આપણે અંગ્રેજીની જાણકાર ન્યાતને અંગ્રેજીમાં આપવા માંગીએ છીએ. થોડું થોડું પ્રાંતિય ભાષાના છાપાઓ મારફતે અને સાહિત્ય મારફતે આપીએ છીએ પણ આ તો ફુટકર વેપારનો ધંધો ( રીટેલ ટ્રેડ ) કહેવાય. મોટેભાગે સારુ અને સુંદર તથા પ્રભાવી સાહિત્ય હંમેશા પ્રાંતીય ભાષાઓમાં જ હવે નિર્માતું જાય છે પણ આપણે એકબીજાની પ્રાંતીય ભાષાનું અધ્યયન નહિ જેવું જ કરીએ છીએ. આંતરપ્રાંતીય વાણી વ્યવહાર અને વિચારની આપલે અંગ્રેજી



મારફતે જ થાય છે. જેનો લાભ સામાન્ય જનતાને મળતો નથી. અંગ્રેજી જાણનાર લોકોની ન્યાતની સગવડ થઈ એટલે આખા દેશની સગવડ થઈ એમ આપણે માનીએ છીએ. હવે સ્વરાજ્ય મળ્યા પછી પણ રાજ્ય અંગ્રેજીમાં ચાલે છે. દેશની પ્રભાવી જીવનચર્ચા અંગ્રેજી છાપા મારફતે જ ચાલે છે. કેળવણી પણ અંગ્રેજી મારફતે ચાલે છે. જ્ઞાન મેળવવાના બધાં સાધનો અંગ્રેજીમાં છે. એ જોઈ કેળવણી લેનાર નવો વર્ગ પોતાની માતૃભાષા, પ્રાંતીયભાષાની ઉપેક્ષા કરી અંગ્રેજી શીખવા પાછળ જ પડ્યો છે.

પોતાના છોકરાઓની કારકિર્દીની, અને નોકરીની જ જેમને પડી છે એવા માતા-પિતા પણ ઈચ્છે છે કે એમના છોકરાઓ બધી શક્તિ અંગ્રેજી પાછળ જ વાપરે. નવા વર્ગને જે કાંઈ મળે છેતે અંગ્રેજીમાં લખેલા સાહિત્ય દ્વારા જ મળે છે. હવે તેઓ માંગણી કરે છે કે અમને રામાયણ કે મહાભારત વિષે અને આપણાં પૂર્વજો વિષે જે કાંઈ જાણવા જેવું હશે તે અંગ્રેજીમાં જ આપો. ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અમે અભિમાન અને આત્મીયતા કેળવવા માંગીએ છીએ પણ શરત એ છે કે અમને એ બધું અંગ્રેજી મારફતે જ મળવું જોઈએ.

“રાજાજીએ રામાયણ અને મહાભારત વિષે લખ્યું છે એ અમે જરૂર વાંચીએ. અંગ્રેજી આખા ભારતની ભાષા છે. તમે અંગ્રેજીમાં લખો તો આખા ભારતનાં યુવાનો અને યુવતીઓ સુધી પહોંચી શકશો. દેશી ભાષા સારી છે પણ અમારા કામની નથી.” એ વર્ગ અભિમાની નથી પોતાની લાચારી રજૂ કરે છે પણ એમાં એ દ્રઢ છે. આ વાત થઈ અંગ્રેજી ન્યાતની અને એમનાં બાળકોની વાત, હવે કરોડોની સંખ્યાની જનતા વિષે છે . જે અંગ્રેજી જાણતી નથી. જાણી શકવાની નથી અને અંગ્રેજીથી હેબતાઈ ગઈ છે. એ જાણે છે કે સ્વરાજ્ય એટલે અંગ્રેજોનું નહિ પણ અંગ્રેજી જાણનાર લોકોનું રાજ્ય. એમને અંગ્રેજી કેળવણી મળી નથી પણ તે અમારા બાળકોને મળવી જોઈએ તેવો આગ્રહ રાખે છે. દેશી ભાષાઓની એમને પડી નથી. તેઓ અંગ્રેજી આપો તો જ અમારા ખાનદાનનો ઉદ્ધાર થશે એવું માને છે.

પ્રજારાજ્ય જોઈતું હોય તો અંગ્રેજી ભાષાની બ્રાહ્મણી સંસ્કૃતિનો અહોભાવ છોડવો પડશે. આવી આ સ્થિતિમાં શું આપણે અંગ્રેજી જાણકારોની બ્રાહ્મણ જાતિ મારફતે રાજ્ય ચલાવીશું અને પ્રજારાજ્યના નામ લઈશું ? મારો દીકરો અંગ્રેજી ન જાણે અને કેવળ ગુજરાતી જાણે તો એને ગુજરાત સરકારમાં પણ નોકરી મળવાની નથી તો અખિલ ભારતીય મહત્ત્વની નોકરી ક્યાંથી જ મળે ? અને એ ગુજરાતીય ઓછું જાણે તો એનું કશું બગડવાનું નથી. માટે અમને અંગ્રેજી જ આપો. બીજી અખિલ ભારતીય ઉપયોગની ભાષા છે જ નહિ, એમ સામાન્ય જનતા બોલે છે. દેશના ‘ અંગ્રેજી ‘ લોકો અંગ્રેજી ભાષાના એટલા નિષ્ટાવાન, મિશનરી છે કે વખત કહી બેસશે કે ‘ હા, હા દેશનાં ચાલીસ કરોડને અમે અંગ્રેજી ન જ ભણાવી શકીએ એમ નથી. તેઓ જાણતા નથી કે એ અશક્ય છે. અને ત્યાં સુધી એમનું અંગ્રેજી રાજ્ય ટકે પણ નહિ, કેમકે જનતા સુધી જ્ઞાન પહોંચ્યું નથી. ડહાપણ પહોચ્યું નથી. પણ ત્રણ વસ્તુઓ પહોંચી છે. અને ત્રણે આંધળી ક્રાંતિ માટે બસ છે. એ ત્રણ વસ્તુ કંઈ ? એક તો જાગૃતિ બીજુ અસંતોષ ત્રીજુ સાર્વત્રિક મત અથવા તો વૉટ. આવી આ પ્રજાને અંગ્રેજી આપશો તો પ્રાંતીય ભાષાઓ એમની ગમે તેટલી સેવા કરો તો યે અપમાનીત થવાની.

અખિલ ભારતીય પ્રતિષ્ઠા એમને મળવાની નથી. એમનામાં છીછરાપણું રહેશે અને પ્રાંતીયતા આવશે. અંગ્રેજીનું ઓશીયાળાપણું આવશે. પરિણામે સાર્વત્રિક મતદાન હોવા છતાં પ્રજારાજ્ય નહિ પણ અંગ્રેજી લોકોનું રાજ્ય થશે અને તે પણ ટકશે નહિ. બધે સંસ્કૃતિને અને ડહાપણનો દુકાળ ફેલાશે. પ્રજાની ધૃતિ તૂટિ જશે અને ભારતના ભાગલા થશે. જે પ્રક્રિયા રોકવાની શક્તિ અંગ્રેજીમાં છે જ નહિ. માટે પ્રાંતીય ભાષાઓને પૂરતું પોષણ આપી એમના આશીર્વાદ સાથે રાષ્ટ્રીય સ્વરૂપની હિંદીને પ્રોત્સાહન આપીએ. પ્રાંતીય સાહિત્યના અને પરદેશી સાહિત્યના અનુવાદો ઝપાટાભેર કરાવી એ ભારતીય હિંદીની શક્તિ વધારી દઈશું.

ભારતીય એકતાનું વાહન અંગ્રેજી નહિ પણ હિંદીમાં જ થવું જોઈએ. દુનિયાનું જ્ઞાન લેવા માટે હમણાં અંગ્રેજીની જરૂર રહેશે. પણ તે સ્થાન હિંદીને જ મળવું જોઈએ. દુનિયાનું જ્ઞાન લેવા માટે ( ફ્રેંચ, જર્મન, રશિયન, સ્પેનિશ, ચીની વગેરે ભાષામાં રહેલું જ્ઞાન ) અંગ્રેજી મારફતે જ શા માટે મેળવીએ ? અંગ્રેજોના પુરુષાર્થ વિષે આપણા મનમાં આપણે આદર રાખીએ. પણ એમની ઈર્ષા કરીને આપણે હિંદીની શક્તિ કેમ ન વધારીએ ? અંગ્રેજીની દરમિયાનગીરીના આશ્રિત શા માટે રહિએ ? અને સ્વદેશ વિષેનું જ્ઞાન તો હિંદી મારફતે જ મળવું જોઈએ. કાં તો સ્વભાષા એટલે કે જન્મભાષા, પ્રાંતભાષા અથવા રાષ્ટ્રભાષા. એ રીતે ઝપાટાભેર દેશની એકતા અને જ્ઞાનની સમૃદ્ધિ ખીલવીશું, અંગ્રેજીની સેવા લઈશું જરૂર. અંગ્રેજી દ્વારા જે મળી શકે તે લેતા રહીશું. અગ્રેજીની સમૃદ્ધિમાં થોડોક ફાળો પણ આપીશું. પણ હિંદીનું સ્થાન થોડા સમય માટે પણ અંગ્રેજીને જ મળવું જોઈએ. હિંદી વગર આપણી અખિલ ભારતીય સંસ્કૃતિ, આપણી રાષ્ટ્રીયતા, આપણી એકતા અને અસ્મિતા ટકવાની નથી. હિંદીની મદદથી જ પ્રાંતીય ભાષાઓ હોય કે હિંદી. અને તે અંગ્રેજીનો અનુવાદ કરતા કેળવાયેલી વિકૃત હિંદી નહિ પણ પ્રાંતીય ભાષાઓએ પરિપુષ્ટ ઉભી ન કરીએ.

# કૃષ્ણકુમારસિંહજીએ મદ્રાસના ગવર્નરના હોદ્દા પર માત્ર ૧ રૂપિયાનો પગાર લઈ સેવા આપી અને મદ્રાસના લોકોનો પ્રેમ મેળવ્યો હતો

ભાવનગર રાજ્યની સ્થાપના ઇ.સ. ૧૭૪૩માં વૈષાખ સુદ ૩ના રોજ વડવા ગામ નજીક મહારાજા ભાવસિંહજી ગોહીલે કરી હતી. જે હાલ ભાવનગર તરીકે ઓળખાય છે. દેશી રાજ્યોના વલીનીકરણ સમયે સરદાર વલ્લભભાઇ પટેલને સૌ પ્રથમ પોતાનું રાજ્ય આપનારા ભાવનગરના મહારાજા કૃષ્ણ કુમારસિંહજી હતા. ભાવનગર પાસે આવેલ અલંગ વિશ્વનું સૌથી મોટું શિપબ્રેકિંગ યાર્ડ છે. મારવાડના ખેરગઢથી સૌરાષ્ટ્રમાં ઉતરી આવેલા ગોહિલ રાજવંશના મુળ પુરુષ સેજકજીએ સાયલા પાસે સેજકપુર વસાવી પ્રથમ ગાદી સ્થાપી, ત્યાંથી રાણપુર, પછી ઉમરાળા, ઘોઘા, શિહોર અને ત્યારબાદ ઇ.સ. ૧૭૨૩, સવંત ૧૭૭૯ વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજના દિવસે વડવા ગામ પાસે ભાવનગરની સ્થાપના કરી.

બંદર તરીકે ભાવનગરની આબાદી ખીલવવાના ઉદ્દેશ્ય સાથે નગરનો ઘણો વિકાસ થયો. ત્યારબાદ લડાઈ ચડાઈ એ યુગમાં ઠાકોર વખતસિંહજીએ ભાવનગર રાજ્યનો દક્ષિણમાં મહુવા, રાજુલા અને પશ્ચિમમાં છેક મીતીયાળા, સલડી, લીલીયા સુધી રાજ્યનો વિસ્તાર વધાર્યો. શિક્ષણ, કલા, સાહિત્ય અને સંસ્કારીતાના સમન્વયથી ભાવનગરના રાજવીઓએ એ જમાનામાં આગવી લોક ચાહના પ્રાપ્ત કરી હતી. ફક્ત ખેતી અને મજૂરી પર જ નિર્ભર એ યુગમાં દુષ્કાળ કે અતિવૃષ્ટિ જેવા આપત્તિકાળમાં ભાવનગરના રાજવીઓએ ઉદારદીલે પ્રજાને મદદ કરવા ઠેર ઠેર કૂવા-તળાવો ખોદાવી, ગરીબખાના ખોલાવી, તગાવી માફ કરી રૈયતને રાહત આપી હતી. ભાવનગર રાજ્યના રાજા અને પ્રજાના વફાદાર તરીકે નામના પ્રાપ્ત કરનાર કાબેલ દિવાન તરીકે ગગા ઓઝા, શામળદાસ અને પ્રભાશંકર પટ્ટણીનું યોગદાન આજે પણ ચીર સ્મરણીય છે.

વિસ્તારવાદી પ્રવૃત્તિના યુગથી માંડી આધુનિક યુગના પ્રભાત સુધીમાં ભાવનગરમાં અનેક વિકાસ, સુધારા અને પ્રજાકિય કાર્યો થયા છે. શિક્ષણ ક્ષેત્રે આગવી પ્રગતિ સાધનાર ભાવનગરમાં ૧૮૫૨માં મહારાજા જશવંતસિંહજીના સમયમાં પ્રાથમિક શાળા શરૂ થઈ હતી. ત્યારથી શિક્ષણનો પાયો નખાયો હતો કન્યા કેળવણીને ઉત્તેજન આપવા જશવંતસિંહજીએ પોતાના કુંવરીને પણ શાળામાં દાખલ કર્યા હતા. ત્યારબાદ રાજ્યમાં ઉત્તરોત્તર શિક્ષણ સાથે કલા અને સાહિત્યની આગેકૂચ જારી રહી હતી.

આધુનિક ભાવનગરના શિલ્પી તરીકે મહારાજા તખ્તસિંહજીએ રેલ્વે, શાળાઓ, હાઈસ્કૂલો, તખ્તસિંહજી હોસ્પિટલ, પુસ્તકાલયો તેમજ કૃષિ વિકાસ માટે અનેક કૂવાઓ, તળાવો બંધાવ્યા હતા. તખ્તસિંહજી બાદ ગાદીએ આવેલા મહારાજા ભાવસિંહજી (બીજા) કલાપ્રિય રાજવી હતા. તેમણે સુપ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માને ભાવનગર નિમંત્રીત કલાકારોને તેમની પાસે કલાવિદ્યા શીખવી હતી. ભાવસિંહજીને સંગીતનો જબરો શોખ હતો. નિલમબાગ પેલેસમાં તેમણે પિતળીયો બંગલો સંગીત દરબાર તરીકે અલગ રાખ્યો હતો. અહીં સવાર સાંજ સંગીતના સુરો લહેરાતા ગવૈયાઓનો ઝમેલો રહેતો. ભાવનગરના કલાકાર ડાહ્યાલાલ તથા સુરજરામ નાયક વ્રજભાષામાં પદો રચી ગાતા. મશહુર બીન વાદક રહીમખાન તથા ગાયિકા ચંદ્રભાગા સંગીતની મહેફીલોમાં રંગ જમાવતા.



ભાવનગરના ૨૯૮માં સ્થાપના દિનના પ્રસંગે તેમને યાદ કરવા જરૂરી છે, ભારતને એક કરવા સૌ પ્રથમ દેશ માટે આ રાજવીઓએ પોતાનું રાજ્ય આપ્યું હતું

ગાયક વૃંદના સહકારથી ભાવસિંહજીએ સંગીતમાળા ચાર ભાગમાં, સંગીત વિનોદ, સંગીત બાલોપદેશ, હીરેશીયમ અને ઈલીયડના છ ભાગ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાવ્યા હતા. ભાવસિંહજીના રાજ્ય અમલમાં દિવાન પ્રભાશંકર પટ્ટણીના સુદિર્ધ વહીવટથી ભાવનગરની કિર્તી ચોમેર પ્રસરી હતી.

ભાવસિંહજી બાદ ગાદીએ આવેલા મહારાજા કૃષ્ણકુમાર સિંહજીએ ઉદારચરીત માનસથી ખરા અર્થમાં પ્રજાકિય શાસન ચલાવી સમગ્ર રાજ્યની પ્રજાના દિલ જીતી લીધા હતા. આ પ્રજાવત્સલ રાજવીએ આઝાદીના ઉષાકાળમાં પ્રજા પરિષદ અને પોતાની રૈયતને બધા અધિકારો આપ્યા હતા. આઝાદી સમયે સ્વતંત્ર ભારતને પોતાનું રાજ્ય અર્પણ કરવામાં પહેલ કરનાર કૃષ્ણકુમાર સિંહજીએ મદ્રાસના ગવર્નર તરીકે પણ અદ્ભુત ચાહના પ્રાપ્ત કરી હતી.

ભાવનગરના ઉદારચરીત, ધર્મિષ્ઠ અને રૈયતની ખેવના રાખનાર રાજવીઓએ લોકકલ્યાણની વિવિધ યોજનાઓ અમલમાં મુકી છુટા હાથે નાણાનો યથાયોગ્ય ઉપયોગ કર્યો હતો. પરિણામે શહેરની ભાગોળે ગૌરી શકંર તળાવ, નગરમાં હાઈસ્કૂલો, કોલેજો અખાડા, વોટર ફિલ્ટર પ્લાન્ટ, હોસ્પિટલ, મંદિરો, મસાફરખાના, શિક્ષણ સંસ્થાઓ, રોડ, ગટર, વીજ સાધનો વગેરે ઉપલબ્ધ થયા હતા.

## મહેલ અને અન્ય સ્થાપત્ય

ઇ.સ. ૧૮૭૮થી લઇને ઇ.સ. ૧૮૯૬ સુધી મોતિબાગ પેલેસે ભાવનગરના રાજવીનું મુખ્ય નિવાસ સ્થાન રહ્યું. આ પહેલાના રાજવીના નિવાસ સ્થાનની પશ્ચિમ દિશામાં રાજવીના લગ્ન સમારંભના મુળ હેતુ માટે બનાવાયેલ સ્થાઈ શામિયાણાને પછીથી પર્સિવલ માર્કેટ નામની બજારમાં તબદીલ કરી નાખવામાં આવ્યો હતો. દેસાઈ છગનલાલ પુસ્તકાલયની ૧૮૮૦માં શરૂઆત થઈ. ૩૦ ડિસેમ્બર ૧૮૮૨ના દિવસે નવા મકાનમાં બાર્ટન પુસ્તકાલય રૂપે ખુલ્લુ મુકવામાં આવ્યું. દિવાનપરા વિસ્તારમાં પર્સિવલ ફુવારાનું બાંધકામ પણ રજવાડાના સમયમાં કરવામાં આવ્યું હતું. જશોનાથ મહાદેવ મંદિર, ગંગા છત્રી (ઇ.સ. ૧૮૭૫) અને જસવંતસિંહજી જાહેર દવાખાનું પણ ભાવનગર રજવાડા સમયનાં બાંધકામ છે.

## રાજ્ય-વ્યવસ્થા

ઇ.સ. ૧૯૧૮માં સ્થાનિક સ્વશાસન લાવવાના હેતુથી ભાવસિંહજી બીજા દ્વારા ભાવનગર સુધરાઇનો વહીવટ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધીઓ દ્વારા થાય એ માટે એક ઠરાવ પસાર કર્યો હતો. આ ઠરાવ મુજબ સુધરાઇના વહીવટની દેખરેખ માટે ૩૦ સભ્યોની સમિતિની રચના દરબારશ્રી દ્વારા કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં દસ સભ્યો દરબારશ્રી તરફથી નિમવામાં આવતા અને બાકીના ૨૦ સભ્યોને લોકશાહી ઢબથી ગુપ્ત મતદાન દ્વારા ચૂંટી કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ૨૦ સભ્યોમાંથી ૧૭ સભ્યોની વોર્ડવાર ચૂંટણી થતી જ્યારે બાકીના ત્રણ સભ્યો ખાસ વર્ગના મતદાતાઓ જ ચૂંટી શકતા.

## ભાવનગર રાજાનો એક કિસ્સો

રાજા એક દિવસ ગોરા અમલદાર સાથે બેઠા હતા. ત્યા એક ભિખારી મહેલના દરવાજા પાસે આવ્યો કે જ્યા બોરડીઓના બોરથી છલકાતિ હતી. ભિખારીએ એની ભૂખ મટાડવા માટે બોરડી પર પથ્થર માર્યો અને એ પથ્થર મહારાજાને માથામાં લાગ્યો. ભિખારીની ધરપકડ કરીને રાજા સામે લાવવામાં આવ્યો. રાજાએ બધી હકીકત જાણી અને ભિખારીને પુછ્યું કે બોરડીમાંથી તને કેટલા બોર મળ્યા? ભિખારીએ કહ્યું કે એક ખોબો ભરાય એટલા બોર મળ્યા!

રાજાએ પ્રધાનને આદેશ આપ્યો કે આ માણસને એક ખોબો ભરીને સોના-મહોર આપી દો. રાજાના આદેશથી ગોરાઓ અચરજ પામ્યા અને કહ્યું કે આ માણસને તો દંડ આપવો જોઈએ અને તમે એને ઈનામ આપો છો? ત્યારે મહારાજાએ ગોરાઓ ને જવાબ આપ્યો તો કે "જો એક બોરડી એક પથ્થર મારવાથી મુઠ્ઠી એક બોર આપી શકતી હોય તો હૂ તો આ પ્રજા નો રાજા કહેવાય. એણે મને પથ્થર માર્યો એટલે મારે એને મુઠ્ઠી એક સોના-મહોર તો આપવી જ જોઈએ" આવા પ્રજા-વત્સલ હતા આપણા રાજવીઓ...!

## મહારાજ શ્રીકૃષ્ણકુમારસિંહજી

મહારાજ શ્રી કૃષ્ણકુમારસિંહજીનો જન્મ ૧૯ મેં ૧૯૧૨ના રોજ ભાવનગરમાં થયો હતો. તેમની જન્મજયંતીએ પ્રત્યેક ભાવનાવાસીને નતઃમસ્તક વંદન છે, તેઓ એક પ્રજાવત્સલ હતા તેમને પ્રજા પ્રત્યે ખુબ જ પ્રેમ હતો. ભાવસિંહજી ઇ.સ. ૧૯૧૯માં મૃત્યુ પામ્યા ત્યારે રાજકુમાર કૃષ્ણકુમારસિંહજી નાની વયના હતા એટલે દિવના પ્રભાશંકર પટણીએ એમને તાલીમ આપવાની જવાબદારી લીધી. પુખ્ત વયના થતા ઇ.સ. ૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહજી ગાદીએ બેઠા.

ભારતને આઝાદી મળી પછી કૃષ્ણકુમારસિંહજીએ પહેલ કરીને પોતાનું રાજ્ય દેશને અર્પણ કરી દીધું. એની કદરરૂપ સૌરાષ્ટ્રે રાજ્યના ઉપ-રાજ્યપ્રમુખ પદ એમને આપવામાં આવ્યું. પછી મદ્રાસના ગવર્નર તરીકે એમની નિમણૂક કરવામાં આવી. આવા હોદ્દા ઉપર માત્ર ૧ રૂપિયાનો પગાર લઇ એમને સેવા આપી અને મદ્રાસના લોકોની ચાહના મેળવી.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210